અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૯ ના અસરકારક અમલ માટે મજુંર થયેલ મહેકમ અન્વયે રદ થયેલ જગ્યાઓ પુનઃ જીવિત કરવા બાબત રૂ. ૧૨.૧૦ લાખ

**નવી બાબત વર્ષ– ૨૦૧૫–૧૬.**

**ગુજરાત સરકાર,**
**આદિજાતિ વિકાસ વિભાગ,**
**ઠરાવ – ક્રમાંક – નવબ/૨૦૧૪/૧૦૫૩/ખ,**
**સચિવાલય, ગાંધીનગર,**
**તારીખ :** 30 MAR 2015

**વંચાણે લીધા**

(૧) કમિશનરશ્રી આદિજાતિ વિકાસની કચેરી તારીખ ૨/૧૨/૨૦૧૪ નાં પત્રનાં ક્રમાંક નં. ટીડી/મકમ/૧/ફા.નં. ૩૪૭/૨૦૧૪/૭૯ ૪૫/૪૬

**પ્રસ્તાવના:**

અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૯ ના અસરકારક અમલ માટે આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની જિલ્લા કચેરીમાં હેડ કલાર્ક- વર્ગ–૩, સંવર્ગની, ૧ જગ્યા, હેડ કલાર્ક આદિજાતિ વિકાસ નિરીક્ષક, (ટી.ડી.આઇ) વર્ગ–૩, સંવર્ગની ૩ જગ્યા, સીનીયર કલાર્ક, વર્ગ–૩, સંવર્ગની ૨ જગ્યા, કલાર્ક–વર્ગ–૩, સંવર્ગની ૪ જગ્યાનું મહેકમ મજુંર થયેલ હતુ. આ જગ્યાઓ સરકારનાં નાણાં વિભાગની સ્થાયી સુચનાઓ અનુસાર રદ થયેલ છે. આ જગ્યાઓ પુન: જીવિત કરવા માટે વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની દરખાસ્ત સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણા ને અંતે જીલ્લા કક્ષાની કચેરીઓ માટે પત્રકમાં દર્શાવેલ જુદા જુદા સંવર્ગની કુલ–૧૦ રદ કરેલ જગ્યાઓ પુન: જીવિત કરવા માટેની રૂ. ૧૨.૧૦ લાખ TASP વિભાગ–૧, આયોજન હેઠળ ની નવી બાબતનાં મહેકમ ને નીચે મુજબની ૧૦ જગ્યાઓ ઉભી કરવા તેમજ નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

| ક્રમ | હોદ્દો | વર્ગ | જગ્યા | પગાર ધોરણ રૂ. |
|---|---|---|---|---|
| ૧. | હેડ કલાર્ક | 3 | ૧ | ૯૩૦૦–૩૪૮૦૦ ગ્રેડ પે – ૪૨૦૦ |
| ૨. | હેડ કલાર્ક (ટીડીઆઇ) આદિજાતિ વિકાસ નિરીક્ષક | 3 | 3 | ૯૩૦૦–૩૪૮૦૦ ગ્રેડ પે – ૪૨૦૦ |
| 3. | સિનિયર કલાર્ક | 3 | ૨ | ૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે – ૨૪૦૦ |
| ૪. | કલાર્ક | 3 | ૪ | ૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે – ૨૪૦૦ |
| | કુલ જગ્યાઓ | | ૧૦ | |

**શરતો :**

૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારનાં સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬) જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી – ૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

૭) સીધી ભરતીની નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પા.ફા.) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

૮) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૯) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રર્વતમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૧૦) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રર્વતમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કોશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઇએ.

૧૧) રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૨) ભારત સરકારના ફાળા અન્વયે કરવાની થતી બજેટ જોગવાઇની કાર્યવાહી વિભાગે અલગ રીતે કરવાની રહેશે.

૧૩) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક ૯૬, મુખ્ય સદર ૨૨૨૫- અનુસુચિત જાતિઓ,અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર—૦૨ —અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણસદર—૭૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજના –પેટા સદર —૫૦, વીકેયાવ—૨૦૫, નાગરિક એકમ માટે વહીવટી માળખા હેઠળ ચાલુ વર્ષે મંજુર થયેલ બજેટ જોગવાઇમાંથી મેળવી તે જ સદરે ઉધારવાની રહેશે.

૨. પ્રસ્તુત ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૪/૦૩/૨૦૧૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

(સી.બી.બરંડા)
ઉપ સચિવ,
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ,**

- માનનીય મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય રા.ક.મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (આદિજાતિ વિકાસ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (મ) (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી (આદિજાતિ વિકાસ) બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- સર્વે મદદનીશ કમિશનર (આદિજાતિ વિકાસ)ની કચેરી
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી ની કચેરી
- નાણાકીય સલાહકારશ્રી (આદિજાતિ વિકાસ), સચિવાલય, ગાંધીનગર
- મહાલેખાકારશ્રી અમદાવાદ/રાજકોટ
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ
- સિલેક્ટ ફાઈલ.